મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૪ ડીગ્રી
ભેજ
સવારે ૩૯ ટકા ● સાંજે ૨૯ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં મતદાન જાગૃતિ માટે યોજાઈ ફનસ્ટ્રીટ






ગાંધીનગર, તા.૨૦
અઘોરી મ્યુઝિકના ધમાકેદાર પરફોર્મન્સ ઉપરાંત ડાન્સ-ઝુમ્બા સાથે ગરબા ગાતા ગાતા ગાંધીનગરવાસીઓએ શનિવારની સાંજે 'ફનસ્ટ્રીટ'માં મોજ માણી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ગાંધીનગરની દિકરી તેમજ બોલીવુડ ઉપરાંત સાઉથની ફિલ્મમાં ધૂમ મચાવી રહેલી અવની મોદીએ શહેરીજનોને તા. ૨૩મી એપ્રિલે અચૂક મતદાન કરવા અપીલ કરી હતી.

ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા આયોજિત 'ફનસ્ટ્રીટ' કાર્યક્રમમાં શનિવારની સાંજ સ્વર્ણિમ પાર્ક ખાતે સરદાર પટેલની પ્રતિમાના સાનિધ્યમાં સોહામણી બની હતી. ખૂબ મોટી સંખ્યામાં યુવાનો ઉપરાંત ગાંધીનગરવાસીઓ આ કાર્યક્રમમાં પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા અને ડીજેના તાલે મસ્તીથી ઝુમવાનો 'ફન' માણ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના મતદાતાઓને પોતાના મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા પ્રેરિત કરાયા હતા. મતદાન જાગૃતિની થીમ સાથે આયોજિત આ રંગારંગ કાર્યક્રમમાં જાણીતી અભિનેત્રી અવની મોદીએ નાગરિકોને જણાવ્યું હતું કે 'મતદાન એ માત્ર આપણો અધિકાર જ નહી, આપણી ફરજ પણ છે અને આપણે સૌ મંગળવારે મતદાન કરીને મતદાનના નિશાન વાળી આંગળી દર્શાવતી 'સેલ્ફી'ને આપણા સોશ્યલ મિડીયા પર મુકી અન્યોને પણ મતદાન કરવા પ્રેરીત કરીશું.' ફન સ્ટ્રીટ કાર્યક્રમમાં ડીજે સાઉન્ડના તાલે બાળકો,મહિલાઓ, યુવાનો ઉપરાંત વડીલો પણ ગરબાના તાલે ઝુમ્યા હતા અને આ સાથે શહેરના અનેક અગ્રણીઓ પણ ફન સ્ટ્રીટમાં હાજર રહ્યા હતા.

## વાવોલથી પથિકાશ્રમ માર્ગ પર રીક્ષા પલ્ટી

ગાંધીનગર, તા.૨૦
વાવોલથી પથિકાશ્રમ તરફ આવી રહેલી રીક્ષા સિવિલના પાછળના ગેટમાંથી અચાનક કાર નીકળતા રીક્ષા ચાલકે બ્રેક મારતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી.જેમાં રીક્ષા ચાલક અને એક મુસાફરને ઈજા પહોંચી હતી. જયારે રીક્ષાને ભારે નુકશાન થવા પામ્યું છે. ઈજાગ્રસ્તાને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના માર્ગો પર ટ્રાફિકની સમસ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. શહેરમાં ટું- અને ફોર વ્હીલર વાહનોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. સવાર થી સાંજ સુધી માર્ગો પર વાહનો આવન-જાવન કરતા મોટી માત્રામાં દેખાય છે. ત્યારે વાવોલ થી ઘ-૩ તરફ રીક્ષા નં. જી.જે.૧૮.એ.યુ.૩૯૭૮ માર્ગ પર પસાર થઈ રહી હતી તે દરમિયાન સિવિલના પાછળના ગેટમાંથી અચાનક કાર નીકળતા રીક્ષા ચલાકે બ્રેક મારતા રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. જેમાં રીક્ષામાં સવાર પ્રદીપ રમેશભાઈ વસાવાને પગે તેમજ રીક્ષા ચલાકને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. બંન્ને ઈજાગ્રસ્તને તાત્કાલીક ગાંધીનગર સારવાર માટે લઈ જવાયા હતા. જયાં ઈજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી હતી.

## વડાપ્રધાનને આગમનને પગલે શહેરનો જ-માર્ગ બંધ રહેશે

### ઈન્દ્રોડા સર્કલથી ઈન્દીરા બ્રિજ સુધી નો-પાર્કીગ ઝોન જાહેર કરાયો

ગાંધીનગર, તા.૨૦
દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૨ એપ્રિલથી ૨૩ એપ્રિલ સુધી ગુજરાતની મુલાકાતે છે. તે દરમિયાન ૨૨ એપ્રિલે તેમનુ રાત્રી રોકાણ ગાંધીનગર જ માર્ગ સ્થિત રાજભવન ખાતે છે. જેને અનુસંધાને સલામતીને ધ્યાને લઈ વડાપ્રધાનની અવર-જવરના સમયે કાયદો અને વ્યવસ્થા, ટ્રાફિક નિયમન અને પાર્કીગ વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર ૨૨ એપ્રિલના રોજ ૧૨ કલાકથી ૨૩ એપ્રિલના રોજ ૧૨ કલાક સુધી સેકટર-૩૦ સર્કલ થી ઈન્દ્રોડા સર્કલ સુધીનો જ-માર્ગ તમામ વાહન વ્યવહાર માટે (એમ્બ્યુલન્સ, સ્કુલવાન, દુધવાહન, બંદોબસ્ત ફરજ પરના વાહન સિવાય) પર પ્રવેશ પ્રતિબંધ કરવા જિલ્લા પોલીસ અધિક્ષક મારફતે મળેલી રજુઆતને ધ્યાને લઈને ગાંધીનગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જ- માર્ગ બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

૨૨ એપ્રિલના ૧૨ કલાકથી ૨૩ એપ્રિલના બપોરના ૧૨ કલાક સુધી એમ્બ્યુલન્સ, સ્કુલવાન, દુધવાહન, બંદોબસ્ત ફરજ પરના વાહનો સિવાયના તમામ વાહનો પર સેકટર-૩૦ સર્કલ થી ઈન્દ્રોડા સર્કલ સુધીનો જ-માર્ગ સદંતર બંધ કરવામાં આવ્યો છે. તેના વૈકલ્પિક માર્ગ તરીકે ઈન્દ્રોડા સર્કલથી ચ રોડ થઈ અને ઘ-૦ રોડ થઈને પ્રવેશી શકે તે પ્રમાણે વાહન ડાઈવર્ટ કરવા તથા સેકટર-૩૦ સર્કલથી રોડ નં-૭ તરફ વાહન ડાઈવર્ટ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત ઈન્દ્રોડા સર્કલથી ઈન્દીરા બ્રિજ સુધીના બંન્ને માર્ગો પર વાહન પાર્કીગ ન કરવા સંદર્ભે જાહેરનામુ પ્રસિધ્ધ કરી આ રોડને નો પાર્કીગ ઝોન જાહેર કર્યો છે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.



સમર્પણ પબ્લિક સ્કુલ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં સ્કેટીંગ, માર્શલ આર્ટ, ફન ગેમ્સ જેવી વિવિધ પ્રવૃત્તિઓ પણ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. વિદ્યાર્થીઓની આંતરિક શકિતઓ નિખારવા ૨૮ એપ્રિલ સુધી આ વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

## સીંગીગ સુપરસ્ટાર પ્રતિયોગિતાનું ૨૧મીએ ઓડિશન

ગાંધીનગર, તા.૨૦
નવોદિત તથા પ્રતિભાશાળી ગાયક કલાકારોને એક નવી દિશા તથા પ્લેટફોર્મ મળી રહે તે ધ્યેય અને અભિગમ સાથે રાજયભરમાં સીંગીગ સુપરસ્ટાર પ્રતિયોગીતાનું આયોજન નમોકાર ઈવેન્ટ મેનેજમેન્ટ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. ગાંધીનગર તથા આજુબાજના વિસ્તારમાં રહેતા કલાકારો માટે તા. ૨૧ એપ્રિલના રોજ સવારે ૧૦ થી સાંજે ૭ વાગ્યા સુધી સ્મિત મ્યુઝીક સ્ટુડીયો, ૧૧૩, પ્રથમ માળ, સુમનસીટી કોમ્પ્લેક્ષ ખાતે ઓડિશન રાખવામાં આવ્યું છે. જુનિયર તથા સિનિયર કટેગરીમાં યોજાનાર ઓડિશનમાં રજીસ્ટ્રેશન ફરજીયાત છે જેના માટે અનિલ શાહ મો. ૯૧૦૬૯૯૪૬૯૦ તથા ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૯૫૯૬૪૦નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## બાળકોની સુષુપ્ત શકિતને નિખારવા કલરવ બાલોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૨૦
ગાંધીનગરની સક્રિય સંસ્થા કલરવ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે બાલોત્સવ કાર્યક્રમ તા. ૭મે થી ૧૯ મે સુધી સવારે ૭.૫૦થી ૧૧.૨૦ કલાક દરમિયાન યોજવામાં આવનાર છે. જેનો મુખ્ય ઉદ્દેશ ૭થી ૧૪ વર્ષના બાળકોને હેતુ લક્ષી પ્રવાસ તેમજ ઉનાળુ વેકેશન દરમિયાન ઉચિત મંચની તક આપીને તેઓમાં રહેલ સુષુપ્ત શકિતઓને આનંદ તથા મોજ મસ્તી સાથે બહાર લાવવાનો છે.

બાલોત્સવ કાર્યક્રમનું સભ્યપદ તેમજ વાર્ષિક સભ્યપદ તથા શિબિરનું રજીસ્ટ્રશન વેબસાઈટ www.kalravgandhinagar.org મારફતે કરી શકાશે અને ઓનલાઈન રજીસ્ટ્રેશન નંબર મેળવી રવિવાર સિવાય દરરોજ સાંજે ૫ થી ૭ દરમિયાન સે-૨૨ સ્થિત રોટરી કલબ ફિજિયોથેરાપી સેન્ટર ખાતે સભ્યપદ અને શિબિર ફીનું પેમેન્ટ કરી શકાશે. ઓનલાઈન અરજી અને ફી સ્વીકારવાની છેલ્લી તારીખ તા. ૪ મે સાંજે ૭ વાગ્યા સુધી છે. સંસ્થાના પ્રમુખ કમલ જૈન દ્વારા શહેરના બાળકોને કલવર સંસ્થા સાથે જોડાવવા તથા તાલીમ શિબિરમાં ભાગ લેવા જણાવાયું છે.

## જલારામ મંદિરમાં પશુ-પક્ષી માટે વિનામૂલ્યે કુંડા વિતરણ કરવામાં આવ્યું




ગાંધીનગર, તા.૨૦
જલિયાણ સેવા ગ્રુપ દ્વારા સેવાના ભાગરૂપે અબોલ પશુ પક્ષીઓને ઉનાળાની ગરમીમાં પીવાનું પાણી મળી રહે તે હેતુથી પાણી ભરવા માટેની મોટી કુંડીનું વિતરણ જલારામ મંદિર, સે-૨૯ ખાતે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નિયમીત પાણી ભરવા તેમજ સાફ સફાઈ કરવા માટે સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યમાં સમાજના કાર્યકરો સેવંતીલાલ ઠકકર, અશોકભાઈ પોપટ, નિલેશ પુજારા, પાર્થ ઠકકર, વિનોદ ઉદેચા, હેમંત પોપટ, પ્રિયંક ઠકકર, કુશ ઉદેચા, હર્ષ ઉદેચા, ઉષાંગ પારેખ, જીગ્નેશ હાલાણી સહિત અનેક કાર્યકરોએ ઉપસ્થિત રહી સેવા આપી હતી. આ ઉપરાંત સ્વામિનારાયણ એન્ટરપ્રાઈઝનો પણ મહત્વનો ફાળો રહ્યો હતો.



હનુમાન જયંતિ – ચૈત્રી પૂનમે સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં વિશેષ પૂજા પ્રાર્થનાનાં કાર્યકમનું ભક્તિભાવ સહીત આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી હનુમાન ચાલીસા સંકીર્તન પાઠ, સમૂહ આરતી, શ્રી હનુમાનજી મંત્ર ધુન્ય - થાળ તથા પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજી (પૂ. ગુરૂજી) દ્વારા શ્રી હનુમાનજીનો મહિમા તથા આશીર્વાદ વગેરે કાર્યક્રમોમાં હજારો ભક્તોએ શ્રદ્ધા પૂર્વક લાભ લીધો હતો.

## તાંત્રિકવિધીના નામે ખેડૂત સાથે ૫ લાખની છેતરપિંડી

### રાંદેસણના ખેડૂતને ચુનો લગાડનાર ૨ ઠગ તાંત્રિકોની ધરપકડ : એક ફરાર

ગાંધીનગર, તા.૨૦
આજના હાઈટેક અને કોમ્પ્યુટર યુગમાં પણ કેટલાક નાગરીકો હજુ પણ ભુવા - તાંત્રિકમાં વિશ્વાસ કરતા હોય છે. શહેરમાં હજુ પણ રાત્રીના સમયે ડાકલા વાગે છે અને ભુવા ધુણતા હોવાના કિસ્સા છે. ત્યારે તાંત્રિક વિધીમાં વિશ્વાસ કરતા નાગરીકોની આંખ ઉઘાડે તેવો કિસ્સો સામે આવ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર રાંદેસણ ગામના ઠાકોર વાસમાં રહેતા ઈશ્વરજી ઉર્ફે ટીનાભાઈ બળદેવજી ઠાકોર (૪૬ વર્ષ) ને ગામની જ એક જમીન મુદ્દે કોર્ટમાં ફરીયાદ ચાલી રહી છે. ત્યારે નવેમ્બર ૨૦૧૮માં તેમના પર ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે પાથાપુરતી રામભાઈ વાયરમેન બોલુ છુ મારી પાસે ધાર્મિક ગુરૂઓ છે જે જમીનનો ડખો પતાવી આપશે. જેથી ખેડુત તેમને ચિલોડા મળવા પહોંચી ગયા હતા. જયાં આશરે ૫૦ થી ૫૫ વર્ષના ઉંમરનો જીઈબીના યુનિફોર્મ જેવા કપડા પહેરીને એક શખ્સ આવ્યો હતો. ડિસેમ્બરમાં ફરીયાદી પર ફોન આવ્યો હતો કે હું ચોટીલાથી બાપુ બોલુ છુ ધાર્મિકવિધી માટે અમે નીકળી ગયા છીએ છત્રસિંહ અને ગણપત બંન્ને ઠગ તા.૧૦ ડિસેમ્બરની રાત્રે તાંત્રિકવિધી માટે ફરીયાદીને ડખાવાળી જમીન ખાતે લઈ ગયા હતા.ખેડુત વિધી માટે લાલ કપડું, કપુર, અત્તર, મીઠાઈ અને પાંચ લાખ રોકડા લઈ ગયા હતા. ઠગબાજોએ લાલ કપડુ પાથરી કપડા પર અબીલ ગુલાલ કંકુ નાખી ફરીયાદીને બેસાડ્યા હતા. પાંચ લાખ રૂપીયા કપુરના પાનમાં પીટી બાજુમાં મુકાવ્યા હતા. વિધીનું થોડુ નાટક કરી તમારુ કામ થઈ ગયું છે. થોડે દુર દીવો કરવાની વાત કરીને બંન્ને રૂપીયા લઈ નીકળી ગયા હતા. સગા-સ્નેહીજનો પાસેથી ઉધાર લીધેલા રૂપીયા જતા રહેતા પોતે છેતરાયા હોવાનુ ભાન થયું હતું. પરંતુ સમાજમાં ચર્ચા થશે તે ડરે ખેડુતે ફરીયાદ કરી ન હતી. પોલીસ મિત્રોની મદદથી દિવસ રાત એક કરીને તપાસ કરતા બંન્ને ઠગ સેવાલીયા પાસેથી પકડાઈ ગયા હતા. જેમાં છત્રસિંહ નાનાભાઈ પરમાર (ઉં.વ.૪૨ રહે-દોલતપુરા, પરમાર વાસ ખેડા) અને ગણપત સુલ્તાનભાઈ ઓડ (ઉં.વ.૪૨ રહે. બારૈયાવાસ , દસકોઈ, અમદાવાદ) તેમજ રામભાઈ વાયરમેન (આશરે ૫૦ થી ૫૫ વર્ષ વોન્ટેડ)નો સમાવેશ થાય છે. ઈન્ફોસીટી મથકના પીએસઆઈ એલ.એચ. મસાણીએ કેસની વધુ તપાસ હાથ ધરી છે અને ફરાર એક આરોપીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## આજે શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક વિષે ડંકેશ ઓઝાનું વ્યાખ્યાન

દર ત્રણ મહિને ગાંધીનગરમાં યોજાતી પ્રાધ્યાપક તપ્તસિંહજી પરમાર (ગુરુજી-ભાવનગર)વ્યાખ્યાનમાળાનું સાતમું વ્યાખ્યાન ૨૧મી એપ્રિલના સાંજે છ કલાકે શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ બ્લોક નં. ૧૪૬/૪, ચ ટાઈપ, સેકટર-૧૭ ખાતે યોજાશે.

વ્યાખ્યાનનો વિષય 'ગુજરાતના મશાલચી : ઈન્દુલાલ યાજ્ઞિક' છે. જાણીતા પ્રવાસી લેખક-ચિંતક ડંકેશ ઓઝાના આ વ્યાખ્યાનનો લાભ લેવા આ વ્યાખ્યાન શ્રેણીના સંવાહકો વસંતભાઈ ગઢવી, મહેન્દ્રભાઈ ત્રિવેદી અને અશોકસિંહ પરમારે નગરજનોને જણાવેલ છે.

# મતદાનને ફરજિયાત કરો, જે ના કરે તેને દંડ કરો : અવની મોદી

### ફરજિયાત મતદાનની હિમાયત સાથે અભિનેત્રી અવની મોદીએ નોટાને ગાજરની પીપૂડી ગણાવી : એનઆરઆઈને પણ મતાધિકાર આપવા સાથે ઓનલાઈન મતદાનની તરફેણ કરી : આજના યુવાનો બધું જાણે છે : અવની મોદી



ગાંધીનગર, તા.૨૦
પાંચ વર્ષમાં આપણે આ એક જ જવાબદારી નિભાવવાની હોય છે. ઘરે બેસીને ટીવી જોતા જોતા સરકાર સામે ફરિયાદ કરવી સરળ છે પરંતુ જયારે આપણે સરકાર પસંદ કરવાની વાત આવે ત્યારે ઘરે બેસી રહીએ તે યોગ્ય નથી. આથી મારું તો સ્પષ્ટ માનવું છે કે 'મતદાન ફરજિયાત હોવું જોઈએ. જે મતદાન ના કરે તેને દંડ થવો જોઈએ.' ગાંધીનગરની દિકરી અને બોલીવુડ તથા સાઉથની ફિલ્મોની યુવા અભિનેત્રી અવની મોદીએ આજે નિર્ભિકપણે પોતાના વિચાર રજુ કરતા મતદાતાઓને પોતાના મતાધિકારનો ઉપયોગ અચુક કરવા જાહેર અપીલ કરી છે.

મતદાન કરવું એ ભારતીય તરીકેનો માત્ર અધિકાર નહી પરંતુ દરેક દેશવાસીની ફરજ હોવાનું જણાવતા અવની મોદીએ જણાવ્યું હતું કે સશકત લોકતંત્રનો પાયો જેટલું વધુ મતદાન થશે તેટલો વધુ મજબૂત બનશે તેમણે કહ્યું હતું કે તમે જે પાર્ટી કે વિચારધારામાં માનતા હોવ તે મુજબ આપનો મત આપો પરંતુ મતદાન અચૂક કરો. આ સાથે તેમણે 'નોટા'ને ગાજરની પીપૂડી સમાન ગણાવતા કહ્યું હતું કે નોટાથી કોઈ પરિણામ સ્પષ્ટ થતું નથી તેથી મતદારોએ નોટાનો ઉપયોગ ટાળવો જોઈએ. અવની મોદીએ પહેલીવાર મતદાન કરવા જઈ રહેલા યુવાનોની પ્રસંશા કરતા કહ્યું હતું કે આજના યુવાનો બધુ જાણે છે, સમાજની દરેક બાબતમાં સામેલ થાય છે, પ્રતિક્રિયા આપે છે એટલે કે તેમનામાં જાગૃતિ છે. આ સાથે તેમણે પોતાના શહેર કે ગામથી દૂર રહેતા નાગરિકો માટે ચુંટણી પંચે જે તે સ્થળેથી મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ તેવું જણાવવા સાથે 'ઓનલાઈન' વોટીંગના વિકલ્પને અપનાવવા તરફ ઈશારો કર્યો હતો. આ ઉપરાંત અવની મોદીએ એનઆરઆઈ એટલે કે વિદેશમાં રહેતા ભારતીયોને પણ ભારતમાં મતાધિકાર આપવાની તરફેણ કરી હતી. આ બાબતે તેમણે જણાવ્યું હતું કે 'વિદેશમાં વસતા ભારતીયો પણ દુનિયાના કોઈ પણ ખૂણે હોય પણ તેઓ મૂળ ભારતીય છે અને તે પણ દેશની એટલી જ ફિકર કરતા હોય છે. દેશ પ્રત્યે ગંભીર હોય છે તેથી તેમના મતનો પણ સમાવેશ કરવો જોઈએ.'

પોતાની આગામી ફિલ્મ અંગે વાત કરતા અવની મોદીએ જણાવ્યું હતું કે, 'મારી આગામી ફિલ્મ ભારત-પાકિસ્તાના સંબંધો આધારિત રાજકીય કટાક્ષ કરતી રમૂજ આધારિત ફિલ્મ છે જે સમગ્ર ટ્રેન્ડ કરતા ખૂબ અલગ પ્રકારની ફિલ્મ છે. આ ફિલ્મ અંગે ટૂંક સમયમાં દરેકને જાણ થશે.' આ ઉપરાંત અવની મોદીએ જણાવ્યું હતું કે 'હવે ગુજરાતી ફિલ્મોનો ઉજજવળ યુગ છે અને જો કોઈ સશકત વાર્તા પાત્ર સાથેની ફિલ્મ હશે તો તેઓ વધુ ગુજરાતી ફિલ્મ કરવા તૈયાર છે.' અત્રે ઉલ્લેખનીય છે કે અવની મોદી છેલ્લે સફળ ગુજરાતી ફિલ્મ 'કેરી ઓન કેસર'માં દેખાયા હતા અને હજુ તેમની વધુ એક ગુજરાતી ફિલ્મ 'બાપુ, ગુજરાતી છે' ફલોર પર છે. અવની મોદી મધુર ભંડારકરની કેલેન્ડર ગર્લ્સમાં કામ કરી ચુકયા છે અને તે ઉપરાંત તેમની શોર્ટ ફિલ્મ 'ગુલાબી'ને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક એવોર્ડ પ્રાપ્ત થઈ ચુકયા છે તેઓ તમિલ ફિલ્મોમાં પણ કામ કરે છે અને સાઉથમાં સારી એવી લોકપ્રિયતા મેળવી ચુકયા છે.